# મઝુરી સાના, હકુના મટાટા

## –કાઝલ ઓઝા વૈદ્ય

'જામ્બો જામ્બો બાના
હબારી યાકો
મઝુરી સાના
કેન્યા યેટુ
હકુના મટાટા.'

સ્વાહીલી ભાષાનું આ ગીત ઈસ્ટ આફ્રીકાની ગલીએ ગલીએ સાંભળવા મળે. કોઈનો બર્થ ડે હોય તો રેસ્ટોરાંમાં, કોઈ કાર્યક્રમમાં જઈએ તો સ્વાગતમાં ને નવાઈની વાત તો કે કોઈને વીદાય આપતાં પણ આ ગીત ગાવામાં આવે. આફ્રીકાના લોકો પ્રમાણમાં આનંદી, સંતોષી અને મજા કરવામાં માનતા લોકો છે. એમને ભાગ્યે જ કોઈ જગ્યાએ ફરીયાદ કરતા સાંભળવા મળે. ઈશ્વરમાં એમની જે અને જેટલી શ્રદ્ધા છે, એટલી કદાચ ભાગ્યે જ કોઈ દેશની પ્રજામાં જોવા મળી છે. સારું થાય તો ઈશ્વરનો આભાર ને ખોટું થાય તો ઈશ્વરની ઈચ્છા. આવાં વાક્યો વારંવાર સાંભળવા મળે.

મારા બાપુ, દીગંત ઓઝાએ એક ગુજરાતી ફીલ્મનું નીર્માણ કરેલું. 'લાખો ફુલાણી.' શ્રી અવીનાશ વ્યાસે એમાં એક આફ્રીકન ગીત લખેલું. કચ્છમાં 'લાખો ફુલાણી' બાજરો લઈ આવ્યો એમ માનવામાં આવે છે. આજે પણ બાજરાને કચ્છમાં 'લાખે જો ધાન' તરીકે ઓળખવામાં આવે છે. કચ્છ-કાઠીયાવાડના આફ્રીકન કનેક્શન્સ છેક 11મી સદીથી હશે એમ માની શકાય. કાઠીયાવાડ અને આફ્રીકા વચ્ચે વ્યાપાર અને વહાણોની અવરજવર ચાલતી રહી. લધાભા દામજી ઠક્કર અને જેરામ શીવજીની પેઢીની કથાઓ આપણે ગુણવંતરાય આચાર્યની નવલકથાઓમાં વાંચી છે. 90 વર્ષ પહેલાં ગુણવંતરાય આચાર્યએ લખેલી નવલકથાઓમાં ઉઘડતું આફ્રીકા એટલે, ગુલામીની સાંકળો સાથે જકડાયેલાં આફ્રીકન સ્ત્રી-પુરુષો.

1994માં રજુ થયેલી ફીલ્મ 'લાયન કીંગ'માં સવાનાનાં જંગલોની કથા. 1962માં બનેલી ફીલ્મ 'હટારી'ની ફેમસ બેબી એલીફન્ટ વોકનું મ્યુઝીક, આમ જુઓ તો આફ્રીકા સાથે કેટલાં બધાં સ્મરણો જીવતાં થઈ જાય! મોટાભાગનાં સ્મરણો ત્યાંના પ્રાણીજગત સાથે જોડાયેલાં. આપણી નજરમાં તો નેશનલ જ્યોગ્રાફીક અને ડીસ્કવરીએ આપણને બતાવેલું આફ્રીકા.

આ બધાં જુદાં જુદાં ચીત્રો છે. સામાન્ય રીતે જે લોકો આફ્રીકાની વાત કરે ત્યારે લોકો 'સાઉથ આફ્રીકા' ડરબન, કેપટાઉન અને જોહાનીસબર્ગની વાત કરે છે. પુર્વ, એટલે ઈસ્ટ આફ્રીકા વીશે ભાગ્યે જ કોઈ પાસે માહીતી છે. જે ખંડને બ્રીટીશરોએ, ડચ લોકોએ અને ભારતીયોએ બલકે ગુજરાતીઓએ પણ સદીઓ સુધી ગુલામ બનાવીને રાખ્યો ખંડ એટલે પુર્વ આફ્રીકા. છેક 15મી સદીથી આફ્રીકા સાથે વ્યાપાર અને વ્યવહાર ચાલતો હતો. ઝાંઝીબારનું અપભ્રંશ એટલે જંગબાર. જંગ એટલે વ્યાપારી જહાજ અને જંગબાર એટલે જ્યાં આ જહાજ આવીને ઉભાં રહે તે. અભણ અને અંધશ્રદ્ધામાં ડુબેલી પ્રજાને ખાસ કશી ગતાગમ નહોતી ત્યારે અમેરીકાનાં રુનાં ખેતરો, બ્રાઝીલના કોફીના બગીચાઓ, વેસ્ટ ઈન્ડીઝના શેરડીનાં ખેતરો અને આર્જેન્ટીનાનાં ઘઉંનાં ખેતરો. અરબસ્તાનના અરબ અને પોર્ટુગલ ફીરંગીઓએ હજારો લોકોને ગુલામ તરીકે વેચી માર્યા. ગુલામો ભાગી ન જાય માટે વીસ-વીસ જણાને એક સાંકળમાં બાંધી રાખવામાં આવતા. ઝાંઝીબારમાં ગુલામોને રાખવાની જગ્યા જોઈએ તો રુંવાડાં ઉભાં થઈ જાય.

આ બધી જ પીડાઓ પછી પણ ખુશ રહેતાં-હસતાં અને ગાતાં પુર્વ આફ્રીકાવાસીઓનું એક વાક્ય આપણા જીવનમાં ઉતારવા જેવું છે, 'હકુના મટાટા.' બે શબ્દનો અર્થ છે, 'નો પ્રોબ્લેમ!'

ભારતીય સમાજ આજે પણ બ્રીટીશરોએ કરેલા અત્યાચારની દુહાઈ આપીઆપીને રીઝર્વેશન અને બીજા કેટલાયે ફાયદા માગ્યા કરે છે! 70 વર્ષ પછી પણ આપણે આપણી પીડાઓને ભુલતા નથી! પછી આપણને અનેક તક મળી છે અને કેટલીયે પેઢીઓ બદલાઈ છે; તેમ છતાં જે બની ગયું છે એમાંથી મુક્ત થતાં આપણને આવડ્યું જ નહીં. આમ તો આપણને બધાને આપણા ભુતકાળની પીડાઓમાંથી નીકળતા આવડતું જ નથી. આપણે બધા વીતી ગયેલા સમયનો બોજ, આપણા ખભે લઈને જીવ્યા કરીએ છીએ. ભુતકાળનો બેગેજ એટલો બધો વજનદાર થઈ જાય છે કે આપણું માથું ઝુકેલું જ રહે છે. આપણી જોડાજોડ ચાલી રહેલા 'વર્તમાન' અને સામેથી આવતા 'ભવીષ્ય' તરફ જોવા માટે માથું ઉંચકી શકાય એવી સ્થીતી રહેતી નથી. સદીઓ ગુલામીમાં જીવ્યા પછી, ઈદી અમીનના અત્યાચારો સહ્યા પછી પણ; યુગાન્ડા અને તાન્ઝાનીયાના યુદ્ધમાં ખુવાર થઈ ગયા પછી પણ; આફ્રીકન્સ હજીયે ગાય છે, 'હકુના મટાટા – નો પ્રોબ્લેમ.'

અમેરીકાના વીઝા માટે લાઈનમાં ઉભા હોઈએ ત્યારે ફફડાટ થાય. ઓફીસર્સ શું પુછશે? જવા દેશે કે નહીં? આવી બધી ગભરામણ સાથે ગરબડીયા જવાબો અપાઈ જાય; પણ આફ્રીકન ઓફીસર હસતો-હસતો, મજાક કરતો આનંદ સાથે વીઝાના સ્ટેમ્પ મારે, ત્યારે લાગે કે અહીં સાચે 'કરીબુ - વેલકમ' છે. સીસમ કે અબનુસના રંગની ચામડી ધરાવતા આફ્રીકન્સના સ્વચ્છ દાંત અને સફેદ આંખો એમના સ્વચ્છ મનનું પ્રતીબીંબ હોય એમ એમના ચહેરા પર સદાય સ્મીત રહે છે.

જે દેશ પાસે કોઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી, ભયાનક કરપ્શન છે, જેની કરન્સી રોજેરોજ ડાઉન થતી જાય છે; એવા દેશોમાં વસતા આફ્રીકન્સ, જીન્દગી સાથે સરળતા અને સહજતાથી કામ પાડે છે. મકાઈના લોટની ‘ઉગાલી' અને પાલકની ભાજીની ‘સુકુમા' એમનું રોજીન્દુ ભોજન છે. એમને જીવન પાસેથી બહુ અપેક્ષાઓ નથી; કારણ કે હજીયે કુદરતના ખોળે જીવે છે.

જે ધરતી પર અમસ્તાં બીજ ફેંકી દો તો પણ; ભરપુર ધાન ઉગી નીકળે, એવી ધરતીના છોરું હોવા છતાં; એમને ત્યાં જમીનની લડાઈ નથી! મસાઈ મારાનાં જંગલોમાં હાથી, હરણ, જીરાફ અને ઝીબ્રા ભેગાં ચરે છે. પેટ ભરાયેલું હોય તો હરણની બાજુમાંથી પસાર થતી સીંહણ એની સામેય જોતી નથી. આપણે સૌ ‘હજી વધુ'ની લાલચમાં, આપણી પાસે જે છે એનું મુલ્ય કરવાનું ચુકી જઈએ છીએ. જંગલ હોય કે જીવન. જીન્દગીની પહેલી શરત છે કે જે વીતી ગયું છે, બદલી શકાય તેમ નથી; એને ભુલીને, હજી આપણા હાથમાં જે છે એને બદલવાનો પુરો પ્રયાસ કરવો. જે છે એમાં આનંદ માણવો અને ફરીયાદ કર્યા વગર જે સૌને માટે સર્જાયું છે અને આપણને માગ્યા વગર મળ્યું છે, એને વહેંચીને મજા લેવી!

જે ગુજરાતીઓએ એમને ગુલામ બનાવીને વેચ્યા છે, જે અંગ્રેજોએ એમને સાંકળે બાંધ્યા છે એ બધાને આફ્રીકાવાસીઓએ ઉદાર હૃદયે માફ કરી દીધા છે. અહીં આવતા પ્રવાસીઓ માટે સતત ‘કરીબુ – વેલકમ) જ હોય છે. ભુતકાળના ઓછાયાને છાતી પર બાંધી રાખવાને બદલે એમણે ભવીષ્ય તરફ નજર કરવા માંડી છે.

મોટા ભાગના આદીવાસીઓએ પોતાનાં સંતાનોને ભણાવવા માંડ્યાં છે. એમનાં સંતાનો પણ ભણી-ગણીને પોતાના દેશ માટે કશુંક કરવા માગે છે. સુર્યનો ઉદય પુર્વમાંથી થાય છે ને પશ્ચીમમાં આથમે છે. પશ્ચીમના દેશોએ આ પુર્વના દેશો ઉપર ઘણાં વર્ષ અત્યાચાર કર્યા છે તેમ છતાં, સુર્યોદયની પ્રતીક્ષા કરતાં કરતાં વીતાવી નાખેલી અંધારા ખંડની કાળી રાત્રી પુરી થઈ છે. સ્વતંત્ર થઈ ગયેલા નાના દેશો હવે પોતપોતાની દુનીયામાં ગોઠવાઈ જવાનો પ્રયાસ કરી રહ્યા છે.

શીખવાની વાત છે એ કે, આટઆટલાં વર્ષો સુધી દુ:ખના પહાડ નીચે જીવેલા આ લોકો હજી પણ ઈનસીક્યોર કે પેરાનોઈડ નથી. એમને હજી પણ બહારથી આવનાર લોકો પર વીશ્વાસ છે. એમને હજી પણ વીતેલા દીવસોનાં દુ:ખ કરતાં; આવી રહેલા દીવસોનાં સુખમાં વધુ ભરોસો છે. એમણે માફ કરતાં શીખી લીધું છે. કદાચ એટલે એમનાં હૃદય સાફ થઈ ગયાં છે! જ્યાં સ્વચ્છતા હોય છે ત્યાં કશું નવું ગોઠવાઈ શકે છે, કશું નવું ઉગી શકે છે, કોઈ નવી રચના થઈ શકે છે. ખાસ કરીને ભારતના લોકો જે હજી 1947ના પાર્ટીશનની ઘટનાઓ

ભુલ્યા નથી એ સમયે થયેલી પીડા, હીંસા અને જાનહાનીને આજે પણ પીડાનાં પોટલાંની જેમ છાતી પર બાંધીને ફર્યા કરે છે, એમણે આમાંથી ઘણું શીખવાનું છે.

‘હકુના મટાટા.' જો આ બે શબ્દો આવડી જાય તો જીન્દગી ક્યારેય નહીં બદલાતી ‘મજાની મોસમ' બની જાય. પીડાની પાનખર અને અભાવની ઓટ, તીરસ્કારનો તાપ અને ધીક્કારની ધ્રુજારી, કદી ન આવે. જીન્દગીમાં જ્યારે સમસ્યા આવે, તકલીફ પડે, સવાલો થાય કે પરીસ્થીતી આપણા હાથમાંથી નીકળી જાય ત્યારે પહેલાં સ્વયંને અને પછી સમસ્યાને કહેવું, ‘મઝુરી સાના, હકુના મટાટા.' (હું મજામાં છું, કોઈ પ્રોબ્લેમ નથી).

‘થ્રી ઈડીયટ્સ'નો આમીર ખાન યાદ આવે છે?

‘જબ લાઈફ હો આઉટ ઓફ કંટ્રોલ, હોઠોં કો કરકે ગોલ, સીટી બજા કે બોલ, ઓલ ઈઝ વેલ.'

**–કાઝલ ઓઝા વૈદ્ય**

સર્જકસમ્પર્ક :

કાજલ ઓઝા વૈદ્ય,

ઈ.મેલ : kaajalozavaidya@gmail.com

ફેસબુક : https://www.facebook.com/Kaajalozavaidya/

બ્લૉગ : http://kaajalozavaidya.in/

તા. પહેલી ઓગસ્ટ, ૨૦૧૭ના ‘દીવ્ય ભાસ્કર' દૈનીકની પુર્તી ‘મધુરીમા'માં પ્રકાશીત થતી લેખીકાની અત્યંત લોકપ્રીય કૉલમ ‘એકબીજાને ગમતાં રહીએ'માંનો આ લેખ, કાજલબહેન અને ‘દી.ભા.'ના સૌજન્યથી સાભાર.. ..ઉત્તમ.મધુ ગજ્જર..

(કોઈ ગુજરાતી વાચક કાજલ ઓઝા વૈદ્ય નામથી અપરીચીત હશે ખરો કે ? કાજલબહેન ઔપચારીક પરીચયના મોહતાજ નથી. યુવાજગત એમના પ્રેમમાં પાગલ છે. સઘળી વયના ને વર્ગના શ્રોતાને રસતરબોળ કરતાં એમનાં વક્તવ્યો, જીન્દગીને નવીન રીતે નીરખીને નીરુપતાં એમનાં લખાણો, આજે લોકપ્રીયતાની ટોચ પર છે. એમનો વીગતવાર પરીચય મેળવવા, એમનાં પાંચેક ડઝન જેટલાં પ્રકાશીત ગ્રંથો વીશે વીગતે જાણવા માટે એમનો સમૃદ્ધ બ્લૉગ જો ન જોયો હોય તો જોઈ જવા અમારી ખાસ ભલામણ છે : **http://kaajalozavaidya.in/** ..ઉત્તમ.મધુ ગજ્જર..)

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: તેરમું – અંક: 386 –October 29, 2017

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,42,30,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 84,71,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,58,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 7,32,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@